R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-22 • ISSUE: 10 DATE: 09-03-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭



## પોપ બેનીડીક્ટ ને એપોસ્ટોલીક પેલેસ ખાતેથી ભવ્ય વિદાયમાન અપાયું

પોપ બેનીડીક્ટે કેથોલીક ચર્ચના મુખ્ય તરીકેથી રાજીનામુ આપ્યા બાદ તેમને વિદાયમાન આપવામાં આવ્યું હતું.તેઓએ પોપના પદ ઉપર આઠ વર્ષનો ગાળો ગુજાર્યો હતો.હવે તેવો તેમની નિવૃત્તિના સમયમાં મોટા ભાગનો સમય પ્રાર્થનામાં ગાળશે એવું મનાય છે.ક્લેમેનટાઈન હોલ, એપોસ્ટોલીક પેલેસ ખાતે ૧૦૦ જેટલા કાર્ડિનલની હાજરીમાં તેમને વિદાય આપવામાં આવી હતી.તેઓ તેમના વેટીકનના નિવાસસ્થાનેથી હેલીકોપ્ટર દ્વારા નવા નિવાસસ્થાન કેસલ ગ્રાન્ડોલફો ખાતે જશે.જતાં પહેલા તેઓ પોતાની બાલ્કનીમાંથી લોકોને નિહાળશે.

તેમના રીટાયર્ડ થવાથી તેમના જગ્યાએ હાલમાં કાર્ડીનલ તારસીસીઓ બીરટોન ચાર્જ સંભાળશે.સેટ પીટર્સ સ્કેર ખાતે છેલ્લી વખત પોપ બેનીડીક્ટને જોવા માટે દોઢ લાખ લોકોની જનમેદની ઉપસ્થિત રહી હતી.તેમણે કેથોલીકોનો આભાર માનતા તેમણે આપેલ સહકાર માટે આભાર માન્યો હતો.તેમણે કહ્યું હતું કે તેમના કાર્યકાળ દરમિયાના અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને કેટલાક સ્કેન્ડલો બહાર આવ્યા હતા.કેથોલીકોનો તેમણે આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમણે આપેલા રાજીનામાનો કેથોલીકોએ આદર કર્યો છે તે સારુ છે.કાર્ડિનલો હવે તારીખ નક્કી કરીને મળશે અને નવા પોપની નિમણુંક બાબતે કાર્યવાહી કરશે.



## બિશપ ડેસમંડ ટુટુ નેતા સુ કી ને મળ્યા

આર્ચ બિશપ ડેસમંડ ટુટુ અને બર્માના લોકશાહીની લડતના નેતા એવા સુ કી સાથે મુલાકાત કરી હતી.નોબલ પારિતોષિક વિજેતા એવા સુકીને રંગુન ખાતે તેમના નિવાસસ્થાને મળી તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે સુકીને મળવુ એ મોટા સાહસ જેવું તેમણે જણાવ્યું હતું તેઓ જ્યારે ફરીથી નવરાશ મેળવશે ત્યારે તેઓ ફરીથી અચુક સુકીની મુલાકાત લેશે.

આર્ચબિશપ ડેસમંડ ટુટુએ બર્મીસ સરકારને પ્રોત્સાહન આપતાં કહ્યું હતું કે તેઓ લોકશાહી માટેનો પ્રયાસ જારી રાખશે.ઈરાવેડી ન્યુઝ પેપરના જણાવ્યા પ્રમાણે બિશપ ટુટુનો સરકારના કોઈપણ પ્રતિનિધિને મળવાનો ઈરાદો નથી.


## પોપના પદના સન્માનમાં વેટિકને ચાર ટપાલ ટિકિટ જાહેર કરી

વેટિકન પોસ્ટ ઓફિસે કેટલીક ટપાલ ટીકીટો જાહેર કરી છે. તેને પોપ બેનેડિક્ટ સોળમાના રાજીનામા બાદ જાહેર કરવામાં આવી છે.તેનો ઉપયોગ નવા પોપ પદ સંભાળે તે પહેલાં કરવામાં આવશે.આ ટપાલ ટિકીટની કિંમત ૭૦ યુરો સેન્ટ(૪૯ રુપીયા) નક્કી કરવામાં આવી છે. આફ્રિકા,એશીયા અને અમેરિકામાં તેની કિંમત અઢી યુરો છે. ટપાલ ટિકિટ્સને વકેન્ટ સી નામ આપવામાં આવ્યું છે. જ્યારે પણ વેટિકનમાં પોપનું પદ ખાલી થાય છે ત્યારે આ ટિકિટ્સ તેમના પદના સન્માનમાં જારી કરાય છે. આ પરંપરા સદીઓ જુની છે. વેકન્ટ-સી પ્રતિક સાથે ચાર ટિકીટ જાહેર કરાઈ છે.દરેક ટિકિટના નામ અલગ અલગ રાખવામાં આવ્યા છે.તેમની ઉપર રોમનમાં વર્ષનો પણ ઉલ્લેખ કરાયો છે.નવા પોપની ચુંટણી સુધી તે વેલિડ રહેશે.

## યુપીએનું ગરીબો અને મધ્યમવર્ગના લોકો માટે નિરાશાજનક બજેટ -૨૦૧૩

છેલ્લા કેટલાક સમયથી વધી ગયેલ મોંઘવારીના કારણે તેમજ ૨૦૧૪માં આવનારી લોકસભાની ચુંટણીઓને લક્ષમાં રાખીને સામાન્ય લોકોને એવી આશા હતી કે યુપીએની સરકાર ગરીબો અને મધ્યમ વર્ગના લોકોને વધુ રાહતો આપતું બજેટ આપશે. પરંતુ એવું કંઈ જોવા મળ્યું નહી.માત્ર લોકોને નિરાશા સાંપડી હતી.બજેટમાં કોઈ રાહતો આવી નહિ પરંતુ બજેટ બાદ તુરતજમાં પેટ્રોલના ભાવોમાં વધારો આવ્યો.જે પ્રમાણે બજેટના પ્રતિભાવો આવ્યા તે રીતે આર્થિક રીતે સંપન્ન અને મોટા ઉદ્યોગપતિઓને વધુ લાભ આપતું બજેટ આપવામાં આવ્યું છે.

## રોમન કેથોલીક ચર્ચ ઓફ સ્કોટલેન્ડના કાર્ડિનલ કીથ ઓબ્રીન નું રાજીનામું



કાર્ડિનલ કીથ ઓબ્રીનના રાજીનામાં સંદર્ભે આવેલા રીપોર્ટ પ્રમાણે તેમણે ચાર પ્રીસ્ટો સાથે કરેલ ગેરવર્તણુંક પુરવાર થવાથી તેમણે રાજીનામું આપ્યું હતું.તેમણે લેખિતમાં ખેદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મારી વર્તણુંકથી કોઈપણને દુ:ખ પહોચ્યું હોય તો તે બદલ હું ક્ષમાયાચના કરુ છું.વેટિકન તરફથી તેમનું રાજીનામું તુરત જ સ્વીકારી લેવામાં આવ્યું હતું.તેમની જગ્યા માટે નવા વ્યક્તિની નિમણુંક ત્યાં સુધી એપોસ્ટોલીક એડમીનીસ્ટ્રેટરની નિમણુંક કરવામાં આવશે.જે સેંટ એન્ડુઝ અને એડીનબર્ગ આર્ચડાયોસીસની કાર્યવાહી સંભાળશે.

કાર્ડિનલ ઓબ્રીને જણાવ્યા પ્રમાણે તેમણે એક પાદરી તરીકે સ્કોટલેન્ડ અને અન્ય દેશોમાં લોકો સાથે કામગીરી કરવાની તક મળી છે તે કિમતી છે.હુ મારી વર્ષોની કામગીરી દરમિયાન કોઈપણ સારી કામગીરી કરી શક્યો હોઉ તો તે માટે ઈશ્વરનો આભાર માનું છું.અને કામગીરીમાં નિષ્ફળ નિવડ્યો હોઉ તો તે માટે હું જેમને પણ તકલીફો પડી છે તે સહુની ક્ષમા માંગુ છું.તેમણે વધું માં જણાવ્યું હતું કે તેઓ પોપ બેનીડીક્ટ પછી નવા પોપ માટે જે કાર્યવાહી થસે તેમાં ભાગ લેશે નહી.જેથી એવું મનાય છે કે નવા પોપની ચુંટણીમાં બ્રિટીશ પ્રતિનિધિત્વ હશે નહી.

તેમણે કહ્યું હતું કે હું ઈચ્છતો નથી કે રોમમાં મીડીયાનું ધ્યાન માત્ર મારા ઉપર કેન્દ્રીત થાય.પરંતુ પોપના નવા વારસદાર જે બને તેના ઉપર રહે તે જરુરી છે.હું ખાસ કરીને બધાની સાથે પ્રાર્થના કરીશ કે પવિત્ર આત્મા ચર્ચ અને તેમના નેતાઓને નવા પોપની નિમણુંક કરવા માટે યોગ્ય માર્ગદર્શન આપે.

ચાર પ્રીસ્ટોએ કીથ ઓબ્રીન વિરુધ્ધ વેટીકન એમ્બેસેડર ટુ બ્રિટનને ફરિયાદ કરવામાં આવી હતી અને તેમના રાજીનામાની માંગણી કરી હતી.



નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

કેન્દ્ર સરકારે ૨૦૧૩ના ૨જુ કરેલા બજેટ બાબતે લોકસભામાં ચર્ચા થાય એ જરુરી છે. કારણકે સરકારે ચુંટણીલક્ષી નહી બજેટ ૨જુ કરીને લોકોને ચોંકાવી દીધા છે.લોકોની અપેક્ષા મુજબ ૨૦૧૪ની લોકસભાની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને યુપીએની સરકાર બજેટમાં એવી જોગવાઈઓ કરીને મત મેળવવા પ્રયત્ન કરે એવી મોટાભાગના લોકોની અપેક્ષા હતી.પરંતુ આ અપેક્ષાની વિપરીત સરકારે દેશને લાંબા ગાળાના ફાયદાઓ થાય અને આર્થિક માળખું ભાંગી ના પડે માટે બજેટમાં જોગવાઈઓ કરીને બજેટ કર્યુ છે.મોટાભાગના વિરોધપક્ષો જેવો બજેટ ઉપર પોતાના સરકાર વિરુધ્ધ મતો ૨જુ કરવામાં પાવરધા હોય છે તેમને માટે આ બજેટમાં કશુ જ નથી જે ઉપર તે સરકાર વિરુધ્ધ લોકમત પ્રબળ કરી શકે. દેશનો મોટો વિરોધપક્ષ ભાજપનું ધ્યાન હાલમાં બજેટ નહી પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીને કેવી રીતે વડાપ્રધાનપદ ના ઉમેદવાર તરીકે પ્રમોટ કરવા તેની પળોજણમાં મશગુલ છે.એનડીએમાં કોઈપણ જાતના વિરોધ વગર એમની ઈચ્છા પર મહોર મારવામાં આવે તેવું વાતાવરણનું સર્જન કરવામાં તેઓ છે.સાધુ સંતોની એક ચાલ તેઓ રમી ચુક્યા છે.જો કે આ બાબત મતમાં કેટલી ફાયદા કારક બનશે તે જોવું રહ્યું.હાલમાં એવું લાગે છે કે કોઈપણ હિસાબે ભાજપને સત્તા મેળવવી છે.

## મંતવ્ય

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના વાંસજડા ગામમાં છેલ્લા દસ મહિનાથી ચોરીના બનાવો ખુબ વધી ગયા છે.ઘર બંધ કરીને બહારગામ જતાં લોકોને ડર લાગે છે.અનિષ્ટ તત્વોને છુટો દોર મળી ગયો છે.ખુલ્લે આમ ચોરી થઇ રહી છે અને પોલીસ તંત્ર ઉંઘતું રહ્યું છે.પોલીસ જાગે અને ચોર ભાગે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

સેનવા રાહુલ બી.,વાંસજડા. તા. કલોલ.જી.ગાંધીનગર ૩૮૨૧૧૫

આજના આ જમાનામાં સ્ત્રીઓ પર અત્યાચારો વધારે જોવા મળે છે.૨૧મી સદીના ગામડાની સ્ત્રીઓ ઘરની ચાર દિવાલોની વચ્ચે પુરી રાખવામાં આવે છે.તેમને શિક્ષણ મેળવવાની છુટ મળેલ નથી.આજની ગ્રામીણ સ્ત્રીઓ પોતાના માટે કોઇ પણ કાર્ય કરી શકતી નથી.ગામડાની સ્ત્રીઓની સમસ્યાઓનો કોઇ હલ નથી ?નાની ઉંમરે લગ્ન કરી દેવાથી અને શિક્ષણના અભાવે માત્ર સંતાનો પેદા કરે છે અને ઘસાતી જાય છે.અને તેનું શોષણ થાય છે.ગ્રામીણ સ્ત્રી માટે કંઇક કરી શકાય તો વિચારવા જેવો પ્રશ્ન છે. ઊવર્શી પી.ડુલેરા, નવાગામવાંટા, તા. ખંભાત.

સેંટ ઝેવીયર્સમાં યોજાયેલ બે દિવસીય પત્રકારત્વ શિબિર

અમારી શાળામાં બે દિવસ માટે પત્રકારત્વ અંગેની શિબિર યોજાઇ હતી.જેમાં ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.મીડીયા,તંત્રી પાનાની માહિતી, આપવામાં આવી હતી,તેમા કંઇ વિગતોનો સમાવેશ થાય છે તે સમજાવ્યું.પત્ર કેવી રીતે લખવો,વિગેરે આ બધી બાબતોથી અમારા જ્ઞાનમાં વધારો થયો હતો. ફાધર વિલિયમ અને હસમુખભાઇએ અમારામાં રહેલ આવડત સાથે ભેટ કરાવી હતી.

કૌશલ્યા એ.ડોડીયા. મુ.પો. કાનાવાડા, તા.તારાપુર.

આપણો ભારત દેશ ગામડાઓનો બનેલો છે.મોટા ભાગની વસ્તી ગામડાઓમાં વસે છે.છતાંય ગામડાઓમાં શિક્ષણની સમસ્યા નડી રહી છે.આજે ગામડાઓમાં પ્રાથમિક અને ઉચ્ચતર શિક્ષણની શાળાઓમાં શિક્ષણની સમસ્યા ખુબજ વધી ગઇ છે. આ શાળાના મકાનોની હાલત ખુબ જ ખરાબ છે.સરકાર આવી શાળાઓ માટે નવા મકાનો બનાવવા તૈયાર નથી.ગામડાના વિદ્યાર્થીઓને દુર સુધી ચાલીને શાળાઓમાં જવું પડે છે.શાળાઓમાં શિક્ષકોનો અભાવ છે. જેના કારણે વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ મળતું નથી.આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓને સમાજમાં ઉંચુ સ્થાન મેળવવા માટે આ બધી બાબતોનો માર સહન કરવો પડે છે.ગામડાઓનો વિકાસ થાય તો ગામડાનો લોકોનો ઉદ્ધાર થાય તેમ છે.

સ્નેહલ એલ,મકવાણા. મુ પો. ગુડેલ, તા. ખંભાત,


### આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


# મહિલા પર અત્યાચાર કાયરતા છે.

'હે ભગવાન! કદાચ એ મારી દીકરી પણ હોઈ શકે !' દિલ્હીમાં થયેલી સામૂહિક દુષ્કર્મની હૃદયદ્રાવક ઘટના બાદ ઘણી માતાઓના મોઢે મેં આ શબ્દો સાંભળ્યા હતા. આ વિધાન આપણને સમસ્યાના સમાધાન તરફ કોઈ પમ રીતે દોરી જતું નથી. તેને બદલે લોકોનાં મોઢાંમાંથી એવો ઉદ્ગાર નીકળવો જોઈતો હતો કે, 'હે ભગવાન! કદાચ એ મારો દીકરો પણ હોઈ શકે !' આજે આપણું સામાજિક માળખું જ કંઈક એવું બની ગયું છે કે સમાજના છોકરાઓ ગાળો બોલતા થઈ ગયા છે અને દુષ્કર્મી બની ગયા છે. અહીં 'આપણે' વિરુદ્ધ 'તેઓ'ની સ્થિતિ બનતી નથી. અત્યંત સુંદર અને સારો દેખાતો પુરુષ પણ ગાળો બોલતો હોઈ શકે છે. ઉચ્ચ, શિક્ષિત, શ્રીમંત, શહેરી અને સુસંસ્કૃત વ્યક્તિ પણ આવો હોઈ શકે છે. શાબ્દિક, માનસિક કે શારીરિક રીતે મહિલાઓની નિંદા કરવામાં દુનિયાના દરેક પુરુષનો સમાવેશ થાય છે. આ બાબત દુનિયાના દરેક હિસ્સામાં અને દરેક સમાજમાં સામાન્ય છે.

આ માનસિકતાને આપણે કેવી રીતે બદલી શકીએ ? તેને માટે ઘણું બધું કરવાનું છે અને તેની શરૂઆત આજથી જ કરવાની છે. સૌથી પ્રથમ પગલું આપણે ખુદના વ્યવહાર અને બોલચાલની ભાષા પર ધ્યાન આપવાનું છે. મહિલાઓના શરીરના ભાગો સાથે જોડાયેલા અપશબ્દોનો પ્રયોગ કરવો એ ખોટી બાબત છે. તમારો અપશબ્દ મહિલાના શરીર સાથે સીધો સંકળાય છે અને તેનો ઉપયોગ પણ એક પ્રકારની હિંસા છે અને તેનાથી મહિલાની બદનામી થાય છે. તેની સીધી અસર વ્યક્તિની ઈચ્છા પર થાય છે, જે શબ્દોથી આગળનો વ્યવહાર પણ કરી શકે છે. ત્યાર બાદ તમે તમારા પરિવાર અને મિત્રો સાથે વાતચીતનો પ્રારંભ કરો. આપણા સમાજની આજની સૌથી મોટી સમસ્યા એ છે કે કોઈ પણ પ્રકારના ગંભીર વિષય પર વાતચીત કરવા કે ચર્ચા કરવાનો કોઈની પાસે સમય જ રહ્યો નથી. જાતિ આધારિત વર્તનને પણ ચર્ચાનો વિષય બનાવો, તેના તરફ આંગળી ચીંધો. તમારાં માતાપિતાને પૂછો કે શા માટે તમે અને તમારા ભાઈ/બહેન સાથે અલગ-અલગ વ્યવહાર કરવામાં આવે છે, શા માટે બંને પર એકસરખા નિયમો લાગુ પડતા નથી ? આ જ ચર્ચાને આગળ વધારતાં તમારા મિત્રો અને સહાધ્યાયીઓ સુધી લઈ જાવ, જે સ્કુલના કે ક્લબના પણ હોઈ શકે. શું તમારા પુરુષ મિત્રો મહિલાઓના હક્ક પર જે રીતે અતિક્રમણ કરવામાં આવે છે કે જેવી મુશ્કેલીઓમાંથી તેઓ પસાર થાય છે તેને સમજે છે ખરા ? શું તેઓ એ વાત સમજે છે કે જ્યારે કોઈ મહિલાની સુંદરતાનાં વખાણ કરવામાં આવે છે ત્યારે તેને કેવા પ્રકારનો અનુભવ થાય છે ? પુરુષોની એક ટોળી જ્યારે આવી ટીખળ કરે ત્યારે તેમના પર શું વીતતી હશે? કોઈ છોકરીને જોઈને સીટી મારી પણ તેના પર હુમલા કરવા જેવું છે? મહિલાઓ અને પુરુષો ભેગા મળીને આ મુદ્દે ચર્ચા કરો, દરેક જાતિને કેવા પ્રકારનો વ્યવહાર પસંદ છે તેને એકબીજા સાથે વહેંચો-શેર કરો.

કોઈ પણ જાહેર સ્થળે જ્યારે કોઈ મહિલાની શાબ્દિક કે શારીરિક છેડતી થતી હોય, તેનો પીછો કરવામાં આવતો હોય કે તેને હેરાન કરવામાં આવતી હોય ત્યારે તેમાં દરમિયાનગીરી કરવી દરેક વ્યક્તિની ફરજ છે. એક વ્યક્તિએ આવી બાબતે બીજાનું તરત જ ધ્યાન દોરવું જોઈએ અને બસના કંડક્ટરને આ પ્રકારના વર્તન અંગે જાણ કરવી જોઈએ. (બેંગલોરમાં રહેતી મારી મિત્ર જાસમીન પઠીજાએ થોડાં વર્ષ પહેલાં 'બ્લેનક નોઈસ' નામથી એક અભિયાનની શરૂઆત કરી છે. જેમાં તે મહિલાઓની છેડતી કરતા લોકોના ફોટા પાડી તેને પોલીસ સુધી પહોંચાડવા માટે નાગરિકોને પ્રોત્સાહિત કરે છે. આ અભિયાન એટલું સફળ થયું છે કે તેની દેશના બીજાં શહેરોમાં પણ શરૂઆત કરવામાં આવી છે. તેમની વેબસાઈટ પર તમે વધુ વિગતો જાણી શકો છો. ) જ્યારે તમે પડોશની કોઈ મહિલાનો માર ખાવાનો અવાજ સાંભળો તો તમારે તુરંત જ તેમના ઘરે દોડી જઈને દરવાજો ખટખટાવવો જોઈએ અને તેને અત્યાચારથી બચાવવી જોઈએ. એ તેમની અંગત બાબત છે એમ કહીને વાતને પડતી મૂકી દેવાની નથી.

આ બાબતે પુરુષોએ આગળ પડતો ભાગ લેવાની જરૂર છે. તેમણે જ અન્ય પુરુષોને સમજાવવા જોઈએ કે આ પ્રકારનો વ્યવહાર પણ એક પ્રકારનો અત્યાચાર છે. તે પણ એક અપરાધ છે. આમ કરવાથી તેમનું પુરુષપણું ઝલકતું નથી, પણ તેનાથી તેમની કાયરતા છતી થાય છે. તેઓ ફિલ્મમાં જે જુએ છે કે, લોફર વ્યક્તિ છોકરીનું દિલ જીતી લે છે, એ બાબત વાસ્તવિક જીવનમાં શક્ય નથી. એ જ રીતે આપણે જાહેરાતો અંગે પણ ચોક્કસ ધારાધોરણ નક્કી કરવાં જોઈએ. એવાં કેટલાંક ઉત્પાદનોની જાહેરાતો કે જેને મહિલા સાથે કોઈ જ લેવા-દેવા નથી હોતી તેમાં નારીના અર્ધનગ્ન દેહનું પ્રદર્શન કરવામાં આવે છે, એ મુદ્દે લખાવું જોઈએ. સબવેની એક જાહેરાતમા શિશ્ન આકારની સાત ઈંચ લાંબી અને ટપકતી સેન્ડવીચ લઈને મહિલાને ઊભેલી બતાવવામાં આવે છે, જેમાં નીચે લખ્યું છે કે, 'બધા જ સાત ઈંચ તમારા મોઢામાં નાખી દો'. આ પણ એક પ્રકારનો મહિલાઓ પ્રત્યે દુરાચાર છે અને તેને સહન કરી શકાય નહિ. (હું સબવેની આઈટમો ખાવાનું બંધ કરી દઈશ.)

આવી બાબતો માટે એક ચોક્કસ વલણ અખત્યાર કરો, આવાં ઉત્પાદનોનો ઉપયોગ નહિ કરવાના સોગંદ લો અને સાથે જ તેનો પ્રચાર સોશિયલ મીડીયામાં પણ કરો. બેનરો સાથે રેલીઓ કાઢો અને આવી જાહેરાત કરતી પ્રોડક્ટની દુકાનો કે શોરૂમની સામે ધારણાં કરો.

(સૌ:દિ.ભા.)

**લેખિકા:**
**મલ્લિકા સારાભાઈ**

વિશ્વનું સૌથી મોટું સ્ટેડીયમ એસ્ટ્રાહીવ સ્ટેડીયમ છે. તે પ્રાગમાં આવેલું છે.
તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.

### ખાસ -આભાર



નવક્રાંતિ સાપ્તાહિકના તંત્રી તેમજ ગરવી નવક્રાંતિ સાપ્તાહિકના મુદ્રક,પ્રકાશક શ્રી રોબિનભાઇ ધોળકીયાના સ્વાસ્થમાં સુધારો થયેલ છે.પ્રાર્થનાઓ દ્વારા પ્રભુની અદ્ભુત કૃપા મળી છે.તમારી પ્રાર્થનાઓ માટે આભાર. તમારી પ્રાર્થનામાં ધરી રાખશો.

નવક્રાંતિ પરિવાર


### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

### ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# અંજલી(રણાસણ)સંસ્થાનો ૨૫માં વર્ષમાં પ્રવેશ

મોડાસા નજીક આવેલ એક નાનાશા ગામ રસાયણમાં ગામમાં જન્મેલા ડો.લલિત શાહ અને મુંબઈમાં જન્મેલ અને ઉછરેલ લેબ પેથોલોજીસ્ટ અનિતાબેને આશરે ત્રીસ વર્ષ પહેલા લગ્ન કરીને કોઇએક પછાત વિસ્તારમાં આરોગ્યની સુવિધાઓ ગ્રામજનોને ઉપલબ્ધ કરવાનો સંકલ્પ કર્યો અને રણાસણ ગામમાં ૨૫ સાલ પહેલા એક નાનું દવાખાનું- ડીસ્પેન્સરી શરુ કરી.શરુઆતમાં ગામના લોકોને એમના પર ઝાઝો વિશ્વાસ બેસતો નહતો પરંતુ તેમની નિષ્ઠા અને ગરીબ દર્દીઓ સારવાર માટે આવવા લાગ્યા અને એમ તેમની લોકપ્રિયતા વધવા લાગી. લલિતભાઈ તથા અનીતાબેનનો આશય તો પૈસા કમાવાનો નહી પણ ગ્રામ્ય વિસ્તારમાં શ્રેષ્ઠ કક્ષાની આરોગ્ય સેવા પુરી પાડવાનો જ હતો જે ચોપાસના અને ખાસ કરીને તો તેમના રણાસણ ગામના લોકોએ સ્પષ્ટ જોઈ લીધું અને આ યુગલ પ્રતિનો તેમનો અભિગમ બદલાયો અને તેમના કામમાં સહકાર મળવા લાગ્યો.

પાંચેક વર્ષો પછી તેમને ગામની ભાગોળે આવેલી પડતર જમીન બહુ ઓછી કિંમતે મળી અને તેમાં એક નાનું મકાન બાધી દવાખાનું શરુ કર્યું.દર્દીઓ ઉભરાવા લાગ્યા ને જગાની ખોટ પડી એટલે દાનની અપીલ કરી આર્થિક મદદ મેળવીને મકાન મોટું બનાવ્યું અને તેમાં આઉટડોર દર્દીઓને પણ રાખવાની સુવિધા ઉભી કરી પછી તો આંખના ઓપરેશન,સુવાવડ વગેરે પ્રકારની સેવાઓ આપવા માંડી. લલિતભાઈ તથા અનિતાબેનની સેવાભાવના જોઈને તેમના ડોકટર મિત્રોનો સહકાર મળવા લાગ્યો.વડોદરા ને અમદાવાદમાં રહેતા ને પ્રેકટીશ કરતા કેટલાંક ડોકટર સ્પેશીયાલીસ્ટોએ અહીં સપ્તાહમાં એક વાર યા મહિને એકવાર આવીને મફત પોતાની સેવા આપવાની ઓફર કરી જેથી સાધનવિહોણા દર્દીઓને ઓછી ફી લઈને દવા આપી શકાય. આજે અહીં સ્કીન સ્પેશીયાલીસ્ટ ,ટીબી સ્પેશીયાલીસ્ટ તથા અન્ય સ્પેશીયાલીસ્ટો વિના મુલ્યે પોતાની દાકતરી સેવાઓ આપવા આવે છે.ડો. કલ્પેશ વડોદરામાં જાણીતા યુવાન સર્જન છે તે રવિવારે છેક વડોદરાથી પોતાની કાર લઈને અહીં આવે છે અને આખો દિવસ રહીને દર્દીઓના ઓપરેશન મફત કરી આપે છે. આજે અંજલી દવાખાનામાં નિયમિતપણે આંખના મોતીયાના ઓપરેશન કરવામાં આવે છે અને ચોપાસના ખાસ કરીને તો ઉંડાણના આદિવાસી વિસ્તારોમાં નિયમિતપણે એમ્બુલન્સ દ્વારા પહોચીને મોતિયાના ઓપરેશન કરાય છે.

રણાસણ અને તેના ચોપાસના ગામોમાં આજે પણ આઝાદીના સુફળ પહોચ્યા નથી.ગરીબી ઘણી છે. અંધશ્રધ્ધા તથા વ્યસનોની બુરાઈઓ લોકોને પજવે છે.મહિલાઓમાં શિક્ષણનો મોટો અભાવ છે. ખર્ચાળ સામાજિક રિવાજો ને અસ્પૃશ્યતા પ્રવર્તે છે.અનિતાબેને આ સમસ્યાઓને હલ કરી લોકો તેમાંથી મુક્તિ અપાવવાનો પડકાર કર્યો છે ને એક સેવાભાવી મહત્વકાંક્ષી યુગલ કિર્તી અને અલકાનો સાથ લઈ ઝુબેશ ઉપાડી છે.ચોપાસના પાંચ તાલુકાનાં ૪૮ ગામોમાં મહિલાઓ સાથે તેઓએ ૧૨૧ મહિલા મંડળો બનાવીને તેમને બચત કરતાં શીખવાડી આર્થિક રીતે પગભર કરી છે.ને એમ શાહુકારોના પંજામાંથી છોડાવ્યા છે. મહિલાઓએ અત્યાર લગી કરેલી કુલ બચત રૂ ૫૪,૭૩,૧૬૯ થાય છે. ને તેમને રૂ ૧,૧૯,૩૮,૩૨૦ નું ધિરાણ કરાયું છે.જેમાંથી રૂ૮૪,૭૧,૯૩૨ પરત થયું છે.મહિલાઓ વિવિધ જરુરીયાતો માટે ધિરાણ લેતી હોય છે.અને કુટુંબ નિભાવે છે. મંડળો દ્વારા અભણ મહિલાઓને ભણી ગણીને શિક્ષિત થવા પ્રોત્સાહન આપવામાં આવે છે.આજે ઘણી મહિલાઓ વાંચતા લખતા થઈ ગઈ છે.

ચાલુ સાલે અંજલિ સંસ્થા તેના ૨૫માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. તા. ૨૯ જાન્યુ. ના રોજ રજત જયંતીમાં પ્રવેશનો ઉદ્દઘાટન સમારોહ રાખવામાં આયો હતો ને ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચોપાસના ગામોમાંથી વડીલો, દાતાઓ,શુભેચ્છકો તથા સેવા આપતાં ડોકટરોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું ને મોટી સંખ્યામાં તેઓએ હાજર રહીને અંજલિ સંસ્થા વિષે વધુ માહિતી મેળવી તેની કદર ને પ્રશંસા કરી હતી.

ફાધર વિલિયમ અંજલીના આરંભથી ડો.લલિત તથા અનીતા બેન સાથે જોડાયેલા છે ને ઘણી વાર અહીં મુલાકાત પણ લે છે.અંજલી તેમને પોતાના પરવારના ગણે છે. આજની ગોષ્ઠી તેઓ પ્રમુખ સ્થાને હતા અને તેમના ઉદ્દબોધનમાં તેમને અંજલી દ્વારા ઉપલબ્ધ કરાતી સેવાઓના ભરપેટે વખાણ કરીને બિરદાવી હતી અને સાથે સાથે દાતાઓના ઔદાર્ય બદલ આભાર વ્યક્ત કરી ભવિષ્યમાં તે અવિરતપણે ચાલુ રહે તી અપેક્ષા કરી હતી.

પ્રેષક : ફાધર વિલિયમ




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

E.mail : Shalemmburo@gmail.com

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

**ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી.**

**માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

**કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.**

૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


# ખંભાતમાં રિશ્તા આયોજીત પત્રકારત્વ કાર્યશાળા




સેંટ ઝેવીયર્સ હાઇસ્કુલ, ખંભાતમાં રિશ્તા આયોજીત પત્રકારત્વ કાર્યશાળામાં ધોરણ-૧૧ના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.શાળાના આચાર્ય પિયુષ પરમાર,સંગીત અને કલાના શોખીન હોઇને વિદ્યાર્થીઓને ઘણું પ્રોત્સાહન આપે છે.તેઓ શિક્ષણની સાથે વિદ્યાર્થીઓ જીવન માટે તૈયાર થાય,સમાજપયોગી,જવાબદાર નાગરિકો બને તેવી આશા રાખે છે.વિદ્યાર્થીઓ શાળા વિષે સમાચારો લખતા રહે એ હેતુથી પત્રકાર કલબ સ્થાપવામાં આવી હતી.જેમાં ૬ વિદ્યાથીઓને સક્રીય બનાવાશે.ફાધર વિલિયમ અને હસમુખ ક્રિશ્ચિયને કાર્યશાળાનું સંચાલન કર્યું હતું.

પ્રિય વાચકમિત્રો,

*લગભગ દરેક અંકમાં તંત્રીશ્રી રોબિનભાઈ ( જે હાલમાં નાદુરસ્ત છે) ન.ક્રાં/ગ.ન.ક્રાં. ના લવાજમ માટે અપીલ કરે છે તે હું પણ વાંચુ જ છું. ન.ક્રાં/ગ.ન.ક્રાં. સાપ્તાહિકોનું ધ્યેય કયું છે તે બાબતે હું કંઈ લખવા વિચારતો હતો ત્યાં આકસ્મિક મને એક સામાજિક નિસબત ધરાવતી વ્યક્તિએ વાચનની સુટેવ કેળવાય એ હેતુએ ઉપાડેલ મિશનની યાદ આવી જેનું તેમણે નીચે મુજબ વર્ણન કર્યું છે. ન.ક્રાં/ગ.ન.ક્રાં. સાપ્તાહિકોનો મારે મન પણ એ જ હેતુ છે. તો ચાલો એ ધ્યાનથી વાંચીએ ને સાપ્તાહિકોના ધ્યેયને સિદ્ધ કરવા સહભાગી બનવાનો સંકલ્પ કરીએ.*

‘‘અમીબાથી અણુયુગ સુધીની યાત્રામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે તાલ મિલાવી ડગ માંડી શકે એવો સુસંગત માનવીય વિકાસ પૂરતા પ્રમાણમાં સધાયો નથી. પરિણામે એક ફિલસુફે કહ્યું છે તેમ, માનવીને પંખી કરતાં વધુ કુશળતાથી આકાશમાં ઉડ્ડયન કરવાની ક્ષમતા પ્રાપ્ત થઈ, માછલી કરતાં વધુ સરળતાથી રહેવાની આવડત મળી, પણ પૃથ્વી પર માનવ તરીકે જીવતાં ન આવડ્યું. પરિણામે જીવલેણ યુદ્ધો, લોકશાહી, સમાજવાદ, આપખુદશાહી, સરમુખત્યારશાહી વગેરે સ્વરૂપમાં, રાજ્યવ્યવસ્થાના હિંસક પલટાઓ વગેરેના મૂંગા સાક્ષી બની રહેવાનું મોટા ભાગનાના નસીબે આવ્યું.

સમાજને સ્વસ્થ, તંદુરસ્ત બનાવવાની કામગીરી મુખ્યત્વે તો માનવસર્જનની કામગીરી છે. સ્વયંશક્તિથી અનુશાસિત વ્યક્તિઓ જ રચનાત્મક સ્વસ્થ વાતાવરણનું સર્જન કરી શકશે. આ માટે માનવસમાજમાં સારા એવા પ્રમાણમાં સમગ્રપણે વિકસિત વ્યક્તિઓની હયાતિ જરૂરી છે.

દરેક વ્યક્તિનાં જ્ઞાન, માહિતી, ડહાપણ એ કક્ષાએ સજ્જ થવાં જોઈએ કે જેથી ગેરમાર્ગે દોરનારી વિચારસરણી કે નુકસાનકારક કાર્યક્રમોને તે ઓળખી શકે. એટલું જ નહિ, પણ તેનો સામનો કરવાની ક્ષમતા અને હિંમત પણ ધરાવે. સ્વયંશાસનની જવાબદારી અને ફરજો અદા કરી શકે અને સહકારભર્યા રચનાત્મક કાર્યક્રમો મારફત સમૂહના પ્રશ્નો ઉકેલવા કટીબદ્ધ થાય એવા નાગરિકોની આજે સવિશેષ જરૂર છે. તેઓએ ભૌતિક નાશથી બચવાના ઉપાયોની સાથે સાથે અધોગતિને પંથે લઈ જઈ સર્વનાશ કરનારાં બળોનો વિરોધ કરવાની તથા તેમના પર વિજય મેળવવા જેટલી બૌદ્ધિક, નૈતિક, આધ્યાત્મિક કક્ષા પ્રાપ્ત કરી હશે, અને ખોટા-આત્મસંતોષમાં રાચવાને બદલે તેઓ પોતાનો સક્રિય રચનાત્મક પુરુષાર્થ અર્પવા સદાય તત્પર રહેશે. આ સંદર્ભમાં એમ કહી શકાય કે માણસમાંથી ઉપર્યુક્ત કક્ષાનો માનવ બનવાની એક વણથંભી યાત્રાનો આરંભ થઈ ચૂક્યો છે. આપણે એ યાત્રામાં સહભાગી થવા, વધુ ને વધુ સક્રિય જાગૃત પ્રયત્નો કરતા રહીએ અને અન્ય ભાઈ-બહેનોને એમાં સામેલ કરવામાં મદદરૂપ થઈએ’’

*ફાધર વિલિયમ*

# વો સુબહ કભી તો આયેગી!

આલ્ડસ હક્સલીએ આશ્ચર્ય પ્રગટ કરીને પ્રશ્ન પૂછેલો : 'આ પૃથ્વી અન્ય કોઈ ગ્રહ માટેનું નરક નહિ હોય?' આપણા દેશમાં ફળિયે ફળિયે નરકની દુર્ગંધ અડ્ડો જમાવીને બેઠેલી હોય છે. નરકનાં ઉપસ્થાનો અસંખ્ય ઘરોમાં રિવાજ મુજબ અને નિયમાનુસાર હાજરાહજૂર હોય છે. મરજી વિરુદ્ધ થયેલું લગ્ન નરકનું પ્રવેશદ્વાર છે, એવું કોણ માનશે? કોઈ કારણસર પરણી બેઠા પછી છૂટાં થવા ઉત્સુક એવાં પતિ-પત્નીને સાથે રહીને જીવન વેઢારવા મજબૂર કરનાર સમાજ નરકને બાથમાં લેનારો છે, એવું કોણ માનશે? દહેજપ્રથા અને સાટાપ્રથા સહન કરનારા વડીલો નવી પેઢી માટે કાયમી નરકનું નિર્માણ કરનારા કોન્ટ્રાક્ટરો છે, એવું કોણ માનશે? કદાચ નરક આપણને એવું તો સદી ગયું છે કે નરકને નરક તરીકેની માન્યતા જ પ્રાપ્ત થતી નથી. બળાત્કાર નરકમાં નથી થતો, બલાત્કાર એ જ નરક છે!

ફળિયામાં રહેતું સજોડું એ સ્વર્ગનું ઉપસ્થાન છે. એ સજોડું મહાનગરની કોઈ ચાલમાં કે ઝૂંપડપટ્ટીમાં રહેતું હોય, તોય છતની નીચે સ્નેહની સુગંધ વરતાય છે. જ્યાં કજોડું હોય ત્યાં કકળાટ અને કંકાસ વેઠનારાં સંતાનોની મજબૂર આંખો પણ હોય છે. જ્યાં સજોડું હોય ત્યાં સંતાનો લાડ-પ્યાર પામે છે અને કિલ્લોલ કરે છે. ક્યારેક તો કજોડું આલીશાન બંગલામાં રહેતું હોય છે. એ જ બંગલામાં આવેલા આઉટહાઉસમાં રહેતું નોકરયુગલ શેઠ અને શેઠાણી વચ્ચે થતા કજિયાથી ટેવાઈ ગયેલું હોય છે. એક જ બંગલામાં સ્વર્ગ અને નરક વચ્ચે જળવાતું આ બેલેન્સ તમે ક્યારેક સગી આંખે નિહાળ્યું હશે. સંસારમાં જ્યાં અને જ્યારે રૂપાળા નરકની નજીક જવાનું બને ત્યારે નાક દબાવવાનો રિવાજ નથી, બાકી આપણી આંગળી નાક સાથે જ ચોંટી જાત! સમાજમાં જેટલાં સજોડાં વધારે એટલા પ્રમાણમાં બલાત્કારની સંખ્યા ઓછી. એ સંખ્યા ઓછી ને ઓછી રાખવાનો એક ઉપાય એટલો જ કે એકમેકતાની લાગણીથી જીવનારાં યુગલોની સંખ્યા વધતી રહે એવી માનવીય લગ્નપ્રથાનું નિર્માણ. માહ્યરા અને માંહ્યલા વચ્ચેનો અનુબંધ તૂટે એવાં લાખો લગ્ન રોજ ભારતમાં થાય છે. મોહન ભાગવતજીની વાત સાવ ખોટી છે. એ ભારત, ઈન્ડીયાથી ચડિયાતું નથી. ભાગવતજીની વાતમાં તો કવિ દલપતરામે રચેલા નાટકમાં પ્રગટ થતું જીવરામ ભટ્ટીય 'મિથ્યાભિમાન' છે. સાંસ્કૃતિક મિથ્યાભિમાનમાં રાચતા સંઘ પરિવારને એક પ્રશ્ન પૂછવા જેવો છે: 'તમે ક્યારેય કોઈ પુરુષને પત્નીના મૃત્યુ પછી સતો થતો જોયો કે જાણ્યો ખરો? નવી પેઢી નવા યુગને અનુરૂપ બને એવી નૂતન લગ્નપ્રથા માગે છે. એ લગ્નપ્રથાના પાયામાં પરસ્પરતાથી શોભતા સહજીવનની સુગંધ હશે. એવી સુગંધ જ્યાં ને જ્યારે પ્રગટ થાય ત્યાં અને ત્યારે સ્વર્ગ! ભાગવતજી! અગ્નિની સાક્ષીએ બ્રાહ્મણના મંત્રોચ્ચાર સાથે જે લગ્ન થાય તે પણ પરસ્પરતા વિનાનાં હોય, તો અશ્લીલ હોઈ શકે છે. એ લગ્ન અશ્લીલ નથી ગણાતું કારણ કે એ રિવાજ મુજબ થયેલું હોય છે. વાત એમ છે કે રિવાજ કે પરપરા પણ અશ્લીલ હોઈ શકે છે. આવી પરંપરાગત અશ્લીલતાને જ્યાં રિવાજન દરજ્જો પ્રાપ્ત થાય, ત્યાં ધર્મ નામની ચીજનો ભાંગીને ભુક્કો થઈ જતો હોય છે. આ વાત કોણ માનશે?

આદરણીય ભાગવતજી! દીકરીની ભ્રૂણહત્યાને કારણે પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેનું સંતુલન ખોરવાયું છે. આપે કહ્યું કે બલાત્કારો ઈન્ડીયામાં થાય છે, ભારતમાં નહિ. આવતા દાયકાના અંત સુધીમાં ભારતમાં ૨.૮ કરોડ પુરુષો સરપ્લસ હશે, જેમને માટે કોઈ સ્ત્રી પાર્ટનર નહિ હોય. કાંતિ વાજપેયી કહે છે કે: આવા વાંઢા પુરુષોમાંથી ઘણા પુરુષો શહેરોમાં જોવા મળશે. તેઓ બેકાર પણ હોઈ શકે છે. આવા વંચિત પુરુષો એમના જેવા બીજા એકલવાયા (અનએટેચ્ડ) પુરુષોની સાથે ભળી જશે. દુનિયાના દેશના આંકડા દર્શાવે છે કે આવા પુરુષો નાનાં જૂથોમાં રહીને ટોળકીની માનસિકતા કેળવશે અને જોખમ ખેડવાની તૈયારીઓ સાથે આક્રમક વર્તન બતાવશે. એ ટોળકીના સભ્યો શરાબ અને ડ્રગનું સેવન કરશે. આવી ભ્રૂણહત્યા ભારતમાં થાય કે ઈન્ડીયામાં ? ભાગવતજી, આપ નાના ફડનવીસના યુગમાં તો જીવતા નથી ને ? આપનો રાષ્ટ્રીય સેવક સંઘ એકવીસમી સદીમાં ક્યારે પ્રવેશશે? નવી પેઢીનાં નવાં અરમાનોને અવગણીને જૂની રેકર્ડ વગાડવાનો શો અર્થ? ગ્રામ વિસ્તારોમાં ખેતરના એકાંતમાં થતા બલાત્કારો ભારતમાં થાય છે કે ઈન્ડીયામાં ? આ લેખના પ્રારંભમાં નરકનાં ઉપસ્થાનો ગણાવ્યાં તે નવી પેઢીને પજવતાં રહે, તો એ પેઢી વડીલો પ્રત્યે વિવેક જાળવી રાખે એ શક્ય નથી અને ઈચ્છનીય પણ નથી. ભાગવતજી, આપ ખાપ પંચાયતોની દાદાગીરી સામે ક્યારે અવાજ ઉઠાવશો? એ જ રીતે બાળલગ્નો સામે અને વિધવા સ્ત્રીઓની અવદશા સામે ક્યારે બરાડો પાડીને બોલશો ? કૃષ્ણના વૃંદાવનમાં ચાલતા વિધવાશ્રમોમા આજે પણ જે બની રહ્યું છે તે કૃષ્ણવિરોધી છે એવું આપને નથી લાગતું? વિચારી જોશો.

ફ્રેન્ચ નવલકથાકાર એનેઈસ નિન કહે છે: 'માણસની એકમાત્ર વિકૃત્તિ એટલે પ્રેમ કરવાની અશક્તિ'. પુરુષ પાસે મસલપાવર છે અને સ્ત્રી પાસે નજાકત છે. પુરુષ અને સ્ત્રી વચ્ચે ઊગતો સહજ પ્રેમ એ જ સમાજનું સાચું રક્ષાકવચ છે. આવા રક્ષાકવચનું નિર્માણ ક્યારે થશે ? વો સુબહ કબ આયેગી! એ રક્ષાકવચ નબળું પડે ત્યારે જ બલાત્કાર (વિનયભંગ)ની દુર્ઘટનાઓ વધી પડે છે.

(સૌઃ દિ.ભા.)

લેખકઃ ગુણવંત શાહ


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક, સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ. મેકવાન**

૮/૪૪, આશા એપાર્ટ, કિરણ પાર્ક પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદ્દેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.